BY E-MAIL

ક્રમાંક/માધ્ય/પરચ/૨૦૧૯/૬૧૦૫૪-૫૫
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૫/૦૪/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય : શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓને તેમની સાથે થતાં શારીરિક માનસિક અન્યાય સામે જાગૃત કરવા અંગે

સંદર્ભ : ક્રમાંક:રામઆ/સંમેલન/શિક્ષણ વિભાગ/૨૦૧૮/૭૩૯૩, તા.૨૬/૧૦/૨૦૧૮

શ્રીમાન ,

ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે, રાષ્ટ્ર અને રાજ્યમાં વર્તમાન સમયમાં નાની બાળકીઓ અને શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ ઉપર અસામાજિક તત્વો દ્વારા હેરાનગતિ, દુષ્કર્મની ઘટનાઓ બની રહી છે. ગુજરાત રાજ્ય મહિલા આયોગ દ્વારા આવા બનાવોની ત્વરિત તપાસ કરવામાં આવે છે. આયોગ દ્વારા આવા બનાવોનું પુનરાવર્તન થતા અટકાવવા અને જાગૃતિ માટે પ્રયત્નો કરવામાં આવે છે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓ પણ ૧૫ થી ૧૭ વર્ષની વય જુથની હોય છે. આવી કન્યાઓને પણ અસામાજિક તત્વો દ્વારા લક્ષ્ય બનાવવામાં આવે છે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કન્યાઓમાં જાગૃતિ, રક્ષણ માટે માર્ગદર્શન અને ભવિષ્યમાં આવા બનાવ બનતા અટકાવવા તેઓ સામનો કરી શકે તે અંગેની જાણકારી માટે શાળા કક્ષાએ સેમીનારનું આયોજન કરવાની બાબત ગુજરાત રાજ્ય મહિલા આયોગની વિચારણામાં છે તેમજ સંમેલનો અંગેનો સમગ્ર ખર્ચ આયોગ દ્વારા વહન કરવામાં આવશે. "Raise Your Voive", Break Your Silence" અથવા "Good Touch Bed Touch" વગેરે જેવા શિર્ષક હેઠળ વિવિધ કાર્યક્રમો હાથ ધરાઇ શકે તેમ છે. શાળા કક્ષાએ આવા કાર્યક્રમોનું આયોજન થાય તે માટે ગુજરાત રાજ્ય મહિલા આયોગને પૂરતો સાથ સહકાર આપવા જણાવવામાં આવે છે.

માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રીના (માધ્યમિક) નોંધ પર મળેલ આદેશાનુસાર.

---

ક્રમાંક / ૨૬૨૦૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ :૨૬-૦૪-૨૦૧૯

- નકલ રવાના જાણ તથા અમલ સારુ.

પ્રતિ,
આચાર્યશ્રી
ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ, સરકારી મા. અને ઉ.મા. શાળાઓ
તમામ

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.